દાખલ તારીખ. ૦૧/૦૨/૨૦૨૦
રજી.લીધા તારીખ. ૦૧/૦૨/૨૦૨૦
હુકમ તારીખ: ૦૨/૦૫/૨૦૨૩
સમય ગાળો:– વર્ષ માસ દિવસ.
૦૩ ૦૩ ૦૧

**આણંદના મે.ચોથા એડીશનલ સેશન્સ જજ શ્રી.એસ.એ.નકુમ સાહેબની કોર્ટમાં,મુ.આણંદ.**

**સેસન્સ કેસ નં. ૧૨ / ૨૦૨૦**
**આંક:–**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ.

આરોપી:– **૧.** વિષ્ણુભાઇ મનુભાઈ પરમાર
રહે– મોગર, રઘુકુળ સોસાયટી વાડીમાં, તા.જી.આણંદ

સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી.એ.એસ.જાડેજા.
આરોપીઓ તરફે વિ.વ.શ્રી. એસ.આર.કાઝી (લીગલ)

**ગુનો:–** ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ.

**–:: ઠ રા વ. ::–**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આરોપીએ તારીખ ૧૩/૦૮/૨૦૧૯ નારોજ કલાક ૨૩/૪૫ વાગ્યે મોજે મોગર સુભાષભાઈ પટેલના તબેલા ઉપર આરોપીએ પોતાની પત્નિ રમીલા સાથે થયેલ છુટાછેડા ફરીયાદીના દિકરા સાહેદ અમનના કારણે થયેલ હોવાનો શક–વહેમ રાખી આરોપીએ પોતાના હાથમાં ચાકુ લઈ આવી ફરીયાદીના દિકરાને ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જીવલેણ હુમલો કરી સાહેદ અમનને ગળાના ભાગે ચાકુથી ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, આણંદ નાઓના જાહેરનામાનો ભંગ કરી ગંભીર ગુનો કરેલ છે. સદર ગુનાના કામે પ્રથમ ફરીયાદ તથા ગુનાની જાહેરાત ફરીયાદી ફારૂકભાઈ યુસુફભાઈ વોરા નાઓએ વાસદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં જે ફરીયાદ વાસદ પો. સ્ટે. ફ. ગુ. રજી. નં. ૫૦/૨૦૧૯ થી નોંધવામાં આવેલ છે. સદર ફરીયાદના કામે આરોપી વિરુધ્ધ હાલનો સેશન્સ કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ફરીયાદની તપાસના કામે તપાસ કરનાર અમલદારને આરોપી વિરુધ્ધ પુરતાં પુરાવા મળી આવતા તપાસ કરનાર અમલદાર તર્ફે આ કામે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૭,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાની ચાર્જશીટ રજુ કરેલ છે. જેથી સદર સેશન્સ કોર્ટ,આણંદ મુકામે સેશન્સ કેસ નં.૧૨/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટથી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૭,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક–૦૮ મુજબનું તહોમતનામું તા.૨૯/૦૯/૨૦૨૨ નારોજ ફરમાવી આંક–૦૯ થી આરોપીનું નિવેદન લઈને આરોપીની પુછપરછ કરતાં આરોપીએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષે પોતાનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરેલ છે.

(૪) **મૌખિક પુરાવો**

| સાહેદ નં. | આંક | સાહેદનુ નામ અને વિગત. |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચ ચંદુભાઈ શનાભાઈ ગોહેલની જુબાની |
| ૨. | ૧૨ | પંચ કિરીટભાઈ ચીમનભાઈ પટેલની જુબાની |
| ૩. | ૧૪ | ડો. અમન બટુકભાઈ ચુડાસમાની જુબાની |
| ૪. | ૧૭ | સાહેદ સુખદેવસિંહ હિમંતસિંહ મહિડાની જુબાની |
| ૫. | ૧૮ | સાહેદ નયનાબેન સુખદેવસિંહ મહિડાની જુબાની |
| ૬. | ૧૯ | સાહેદ અમનભાઈ ફારૂકભાઇ વહોરાની જુબાની |
| ૭. | ૨૦ | પીએસઓ જયંતિભાઈ ગોરધનભાઈની જુબાની |
| ૮. | ૨૩ | ત.ક.અ. પો.ઈન્સ.શ્રી ડી.બી.વાળાની જુબાની |
| ૯. | ૪૨ | પંચ રામાભાઈ પુંજાભાઈ ઝાલાની જુબાની |

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી મૌખીક પુરાવા ઉપરાંત નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ. | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| ૧. | ૧૧ | આરોપીની શરીરસ્થિતીનું પંચનામુ |
| ૨. | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |

| | | |
|---|---|---|
| ૩. | ૧૫ | કરમસદ હોસ્પિટલમાંથી મળેલ ઈજા અંગેનું પ્રમાણપત્ર |
| ૪. | ૨૧ | ગુનો બન્યા અંગેનો ઉપરી અધિકારીને કરેલો રીપોર્ટ |
| ૫. | ૨૨ | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ |
| ૬. | ૨૪ | અસલ ફરીયાદ |
| ૭. | ૨૫ | સ્ટેશન ડાયરીના ઉતારાની પ્રમાણીત નકલ |
| ૮. | ૨૬ | ભોગબનનારની ઈજા અંગે પોલીસે માંગેલ અભિપ્રાય |
| ૯. | ૨૭ | કરમસદ હોસ્પિટલને કરેલ યાદી |
| ૧૦. | ૨૮ | પી.એસ.આઈ એ પી.એસ.ઓ. ને ગુનો દાખલ કરવા લખેલ યાદી |
| ૧૧. | ૨૯ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા કરેલ યાદી |
| ૧૨. | ૩૦ | એફ.એસ.એલ. નો સ્થળ પરિક્ષણ અહેવાલ |
| ૧૩. | ૩૧ | ગુજરાત પોલીસ અધિનીયમ મુજબ જાહેરનામાની નકલ |
| ૧૪. | ૩૨ | એફ.એસ.એલ. ને કરેલ યાદી |
| ૧૫. | ૩૩ | એફ.એસ.એલ. ની યાદી મળ્યાની પહોંચ |
| ૧૬. | ૩૪ | એફ.એસ.એલ એ પો.સ્ટે કરેલ યાદી |
| ૧૭. | ૩૫ | બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ |
| ૧૮. | ૩૬ | સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ |

(૬) ફરીયાદપક્ષે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિદ્વાન સરકારી વકીલશ્રી તર્ફે વધુ કોઈ પુરાવો આપવો નથી, તેવુ જાહેર કરતી પુરાવા બંધની પુરસીસ આંક– ૪૩ થી રજુ થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી અને તેઓ નિર્દોષ છે તથા તેઓની સામે ખોટી ફરીયાદ દાખલ કરી ખોટી રીતે અટક કરીને ખોટો કેસ કરેલો છે. આરોપીઓ તર્ફે જાતે સોગંધ ઉપર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં સાહેદો તપાસેલા નથી.

(૭) ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રી એ.એસ.જાડેજાની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

ફરીયાદપક્ષ તર્ફે વિદ્વાન સરકારી વકીલશ્રી એ .એસ.જાડેજા હાજર થઈ ભારપુર્વક દલીલ કરતા જણાવે છે કે, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોના મૌખીક તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ પૈકી સાહેદ નં.૩ ડો.અમન ચુડાસમાનો પુરાવો જોતાં આરોપીએ ઈજાપામનારને બનાવના દિવસે બનાવવાળા સ્થળે ચાકુ વડે હુમલો કરી ઈજા પહોંચાડવા હોવાનું અને તેવી ઈજા મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવેલ ચપ્પુથી થઈ શકે તેવી ઈજા હોવાનું પ્રસ્થાપિત થાય છે અને તે મુદ્દામાલ ચપ્પુ આ કામના આરોપી પાસેથી કબ્જે

લેવામાં આવેલ. વધુમાં બનાવ સમયે આરોપીએ પહેરેલ કપડાનું પંચનામુ કરી કબ્જે લેવામાં આવેલ જે કપડા ઉપર લોહીની હાજરી મળી આવેલ છે જે તમામ પુરાવાઓ વંચાણે લઈ ધ્યાને લેવામાં આવે તો આરોપી વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર થાય છે જેથી આરોપીને કાયદાથી નિર્દીષ્ઠ સખતમાં સખત સજા કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૮) જ્યારે આરોપી તર્ફે વિદ્ધાન વકીલશ્રી એસ.આર.કાઝી(લીગલ) હાજર થઈ ભારપુર્વક દલીલ કરતાં જણાવે છે કે, સદર કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ઈજાપામનાર તથા નજરેજોનાર સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને તેઓના પુરાવામાંથી આરોપી ઉપર ઈજાપામનારને ચપ્પુ વડે હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવેલ હોવાનું નીકળી આવતુ ન હોઈ માત્ર તબીબી પુરાવા ઉપર આધાર રાખી આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી. આમ, સમગ્ર હકીકતે ફરીયાદપક્ષ દ્ધારા આરોપી વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નહોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક દલીલ કરેલ છે.

(૯) આ કામે બંને પક્ષકારો તરફે થયેલ રજુઆત તથા રજુ થયેલ રેકર્ડ પુરાવાઓ ધ્યાને લેતા કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

**<u>// મુદ્દાઓ //</u>**

**મુદા નં.૧** શુ ફરી.પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીએ તારીખ ૧૩/૦૮/૨૦૧૯ નારોજ કલાક ૨૩/૪૫ વાગ્યે મોજે મોગર સુભાષભાઈ પટેલના તબેલા ઉપર તમો આરોપીએ પોતાની પત્નિ રમીલા સાથે થયેલ છુટાછેડા ફરીયાદીના દિકરા સાહેદ અમનના કારણે થયેલ હોવાનો શક–વહેમ રાખી તમો આરોપીએ પોતાના હાથમાં ચાકુ લઈ આવી ફરીયાદીના દિકરાને ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જીવલેણ હુમલો કરી સાહેદ અમનને ગળાના ભાગે ચાકુથી ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, આણંદનાઓના જાહેરનામાનો ભંગ કરી ગંભીર ગુનો કરી, ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૭, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદા નં.૨** શુ આખરી હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓનો મારો આખરી નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.૧ નકાર માં

મુદા નં.૨ આખરી હુકમ મુજબ.

**(૧૧)** આ કામે બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખીક રજુઆત તથા રજુ થયેલ રેકર્ડનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ રહેલા છે.

**/// કા ર ણો ///**

**મુદા નંબર–૧ ::–**

**(૧૨)** સદર કામે આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે ફરી.પક્ષે કુલ– ૦૯ સાહેદોને તપાસવામાં આવેલા છે તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે જે પૈકી આંક–૧૧ થી આરોપીનું શરીરસ્થિતીનું પંચનામુ રજુ કરવામાં આવેલ જે પંચનામાના પંચ સાહેદ નં.૧ ચંદુભાઈ શનાભાઈ ગોહીલ તથા સાહેદ નં. ૯ રામાભાઈ પુંજાભાઈ ઝાલાને અનુક્રમે આંક–૧૦ તથા ૪૨ થી તપાસવામાં આવેલ જેઓ તેમની હાજરીમાં પંચનામુ થયેલ હોવાનું અને પંચનામાની વિગતે આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા તથા ગુના સમયે વાપરેલ મુદ્દામાલ ચપ્પુ રજુ કરતાં તે કબ્જે કરેલ હોવાનુ ઈન્કાર કરેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિધ્વાન એપીપીશ્રીએ તેઓની ઉલટ તપાસ કરેલ છે જે દરમ્યાન પણ તેઓએ આંક–૧૧ ના પંચનામાને સમર્થન આપેલ નથી અને કોઈ ફળદાયી હકીકત જાહેર કરેલ નથી. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૧ ના પંચનામાને સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં, સદર કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૧૩ થી રજુ રાખવામાં આવેલ છે જે પંચનામાના પંચ સાહેદ કિરીટભાઈ ચીમનભાઈને સાહેદ નં.૨ તરીકે આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે જેઓ તેમની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ થયેલ હોવાનું અને પંચનામાની વિગતે ઈજાપામનારના કપડા કબ્જે કરેલ હોવાનું ઈન્કાર કરેલ છે જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરી વિધ્વાન એપીપીશ્રીએ તેઓની ઉલટ તપાસ કરતાં તેઓએ ગુનાવાળી જગ્યા સુભાષભાઈ પટેલના ખેતરમાં આવેલ પશુઓના તબેલાની સામે ખેતરની ખુલ્લી જમીનમાં આવેલ હોવાનું જણાવે છે. વધુમાં સદર પંચ સાહેદ એ હકીકત પણ જણાવે છે કે ઈજા પામનાર અમન વહોરાએ જે કપડા બનાવ સમયે પહેરેલા તે તેમના પિતાએ રજુ કરેલા જેના ઉપર સુકાઈ ગયેલા ડાઘ જણાઈ આવેલ જે કપડા પંચનામાની વિગતે કબ્જે કરેલા. સદર સાહેદની બચાવપક્ષ દ્વારા જે ઉલટ તપાસ કરેલ છે જે દરમ્યાન સાહેદે ઉપર જણાવેલ હકીકતથી વિરુધ્ધની કોઈ હકીકત કઢાવી શકેલ નહી. જેથી સદર સાહેદનો પુરાવો જોતાં આંક–૧૩ વાળા પંચનામા મુજબ સુભાષભાઈ પટેલના ખેતરમાં આવેલ પશુઓના તબેલાની સામે ખેતરની ખુલ્લી જમીનમાં આવેલ હોવાનું અને ઈજા પામનારે બનાવ સમયે પહેરેલ કપડા લોહીના

ડાઘવાળા કબ્જે લીધેલ હોવાનું પણ પ્રસ્થાપિત થાય છે.

(૧૩) સદર કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ તારીખ ૧૩/૦૮/૨૦૧૯ નારોજ કલાક ૨૩/૪૫ વાગ્યે મોજે મોગર સુભાષભાઈ પટેલના તબેલા ઉપર આરોપીએ પોતાની પત્નિ રમીલા સાથે થયેલ છુટાછેડા ફરીયાદીના દિકરા સાહેદ અમનના કારણે થયેલ હોવાનો શક–વહેમ રાખી આરોપીએ પોતાના હાથમાં ચાકુ લઈ આવી ફરીયાદીના દિકરાને ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જીવલેણ હુમલો કરી સાહેદ અમનને ગળાના ભાગે ચાકુથી ઘા મારી ગંભીર ઈજા પહોંચાડેલ. સદરહું હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સાહેદ નં.૩ થી ડો.અમન બટુકભાઈ ચુડાસમાને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે તા.૧૪/૮/૧૯ના રોજ હુ પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ શ્રીકૃષ્ણ હોસ્પી. ખાતે ઈમરજન્સી વિભાગમા મેડીકલ ઓફિસર તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે એમએલસી નં.૧૪૮૨ દરદી નામે અમનભાઈ ફારુકભાઈ વોરા, ઉવ.૧૮, રે. મોગર,સુભાષ પોળ પાસે, ડેરીની પાછળ,તા.જી.આણંદનાઓ તા.૧૩/૮/૧૯ સમય અંદાજે રાત્રિના ૧૧:૪૫ કલાકે મોગર ખેતી તલાવડી ફાર્મ પર વિષ્ણુ પરમાર નામના યુવકે ચાકુ વડે માર મારતા દરદીને તા.૧૪/૮/૧૯ સમયે ૦૦:૫૬ કલાકે ઈમરજન્સી વિભાગમા પ્રાઈવેટ વાહનમા સારવાર માટે લાવેલ. દરદીને તપાસતા દરદીને ૧૫×૩ સેમીનો ચીરાયેલો ઘા ગળાના ભાગે જડબાના હાડકાના નીચેની બાજુથી ૩ સેમી નીચે હતો, જેના માટે કાન, નાક,ગળાના ડોકટરને રેફરન્સ કરેલ, જે પ્રમાણે એકસર્ટનલ ઝયુલર વેઈન કપાયેલ હતી. વધુમાં, દરદીને નીચે મુજબના રીપોર્ટ કરાવેલા.

૧. ઈએમજી સ્ટડી– જેનુ પરીણામ ડાબી બાજુના બ્રેકીયલ ફલેકસસને ઈજા પહોચેલ. ૨. એમઆરઆઈ સર્વાઈકલ સ્પાઈન– જેનુ પરીણામરુપે ડાબી બાજુના ગળાના ભાગે સી.૫.,સી.૬. તેમજ સી.૭.મણકાઓના વચ્ચેના ભાગમા લોહીનો ગઠ્ઠો હતો તેમજ સી.૬. અને સી.૭. ચેતાઓ પર દબાણ હતુ. રીપોર્ટ પ્રમાણે તેમજ કાન નાક ગળાના ડોકટરના ઓપીનીયન પ્રમાણે ઈજાઓ ગંભીર પ્રકારની હતી. સદર દરદીને તા. ૨૧ / ૮/૧૯ ના રોજ હોસ્પીટલમાથી રજા આપવામા આવેલી.

દરદીને જે ઈજા હતી તે ઈજા ચપ્પુ દ્વારા સંભવી શકે તેવી હતી અને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળુ ચપ્પુ જોઈને અભિપ્રાય આપેલ છે કે તે ચપ્પુથી ઈજાપામનારને ઈજા થઈ શકે. સદર સાહેદની બચાવપક્ષ દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર

કરેલ છે કે દર્દી જ્યારે તેમની પાસે આવેલ ત્યારે સભાન અવસ્થામાં હતો અને બનાવ અંગેની હિસ્ટ્રી દર્દીના સગાએ લખાવેલી.

(૧૪) આમ, સદર સાહેદ ડો.અમન ચુડાસમાનો સંપુર્ણ પુરાવો જોતા તેઓએ સરતપાસમાં જણાવ્યા મુજબની ઈજાપામનારને ચપ્પુ વડે થઈ શકે તેવી ગંભીર ઈજા થયેલ હોવાનું જણાવે છે તેઓ સમક્ષ જાહેર થયેલ હિસ્ટ્રી મુજબ આરોપીએ ચપ્પુ વડે સદર ઈજાપામનારને હુમલો કરી ઈજા પહોંચાડેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ સાથે સાથે એ હકીકત પણ ફલીત થાય છે કે દર્દી સારવાર માટે આવ્યા ત્યારે તેઓ સભાન અવસ્થામાં હોવા છતાં બનાવ અંગેની હિસ્ટ્રી ઈજાપામનાર પોતે લખાવતા નથી અને તેમના સગા દ્વારા લખાવવામાં આવે છે. આમ, મજકુર હકીકતના અનુસંધાને સદર કામે ઈજા પામનાર સાહેદ નં.૬ અમનભાઈ ફારૂકભાઈ વહોરાનાઓને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે અને તેઓનો પુરાવો જોતાં તેઓ એવી હકીકત જણાવે છે કે બનાવના દિવસે તે તબેલે ગયેલા અને ચક્કર આવી જતાં પડી ગયેલા અને વાગેલ જેથી નજીકમાં રહેતાં સુખદેવસિંહના ઘરે ગયેલ જેણે ઈજાપામનારના માતા–પિતાને જાણ કરતાં તેમનાં માતા–પિતા આવી તેમને સારવાર અર્થે શ્રીક્રુષ્ણ હોસ્પિટલમાં લઈ ગયેલ. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નહોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરીને વિધ્વાન એપીપીશ્રીએ તેઓની ઉલટ તપાસ કરેલ છે જે દરમ્યાન પણ આરોપી બનાવના દિવસે બનાવના સમયે અને સ્થળે હાથમાં ચપ્પુ લઈને આવી ગાળો બોલી તારા કારણે જ મારા પત્નિ સાથે છુટાછેડા થયેલ છે તેમ કહી આજે તને પુરો કરી નાખવો છે તેમ કહી તેના હાથમાંનુ ચપ્પુ ગળા ઉપર મારી દેતાં લોહીલુહાણ થઈ ગયેલ હોવાનું ઈન્કાર કરેલ છે. આમ, સદર ઈજાપામનારનો સંપુર્ણ પુરાવો જોતાં જ્યારે તેઓને ઈજાઓ થઈ ત્યારે તે સ્થળે ઈજાપામનારના કોઈ સગા કે માતા–પિતા હાજર નહતાં જેથી ડોક્ટર સમક્ષ ઈજાપામનારના સગા દ્વારા બનાવ અંગેની હિસ્ટ્રી આપવામાં આવેલ હોય તે હિસ્ટ્રી મુજબ આરોપીએ ઈજાપામનારને ચપ્પુ વડે હુમલો કરી ઈજા પહોંચાડેલ હોવાનું માની શકાય નહી. વધુમાં, સદર ઈજાપામનાર પોતે તેમના પુરાવામાં પડી જતાં ઈજા થયેલ હોવાનું જણાવતા હોય અને આરોપી ચપ્પુ વડે હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવેલ હોવાનું ઈન્કાર કરતાં હોય, સદર તબીબી પુરાવા મુજબ સદર આરોપીએ ઈજાપામનારને ચપ્પુ વડે હુમલો કરી ઈજા પહોંચાડેલ હોવાનું માની શકાય નહી.

(૧૫) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે સુખદેવસિંહ હિમ્મતસિંહ મહિડાને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે તેમજ તેમની પત્નિ નયનાબેન સુખદેવસિંહ મહીડાને સાહેદ નં.૫ તરીકે આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે જે બંને સાહેદોનો પુરાવો જોતાં બનાવવાળી રાત્રીએ તેઓ ઘરે બેઠા હતા ત્યારે ઈજાપામનાર અમન વહોરા સુભાષભાઈ જશભાઈ પટેલના ખેતર તરફથી આવેલા જેઓ લોહી લુહાણ હાલતમાં હતા તે સિવાય તેઓ

બનાવ અંગે કાંઈ જાણતા નહી હોવાનું જણાવે છે. તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નહોય તેઓને વિધ્વાન એપીપીશ્રી દ્ધારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરતાં , તે દરમ્યાન પણ સદર બંને સાહેદોએ અમન વહોરાને દોડતો તેમની તરફ આવતો જોયેલ અને તેની પાછળ આરોપી વિષ્ણુભાઈ મનુભાઈ પરમારને આવતા જોયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ અને વધુમાં એ હકીકતનો ઈન્કાર કરેલ કે ઈજાપામનાર અમન વહોરાએ તેઓને જણાવેલ કે આરોપી વિષ્ણુભાઈ મનુભાઈએ ચપ્પુ લઈને આવી ગાળો બોલી તને પુરો કરી નાખવો છે તેવુ કહી તેના હાથમાનું ચપ્પુ તેને ગળા ઉપર મારી દીધેલ. આમ, સદર બંને સહેદોનો પુરાવો જોતાં તેઓએ ઈજાપામનાર અમન વ્હોરાને તેઓ તરફ લોહી લુહાણ હાલતમાં આવતા જોયેલ તે સિવાય આરોપીને સંડોવતી કોઈ હકીકત નીકળી આવતી નથી. અત્રે એ હકીકત નોંધનીય છે કે ઈજાપામનાર પોતે તેમના પુરાવામાં બનાવવાળા સ્થળે પડી જતાં ઈજા થયેલ અને તે કારણે નજીકમાં રહેતા આ બંને સાહેદો તરફ દોડીને ગયેલ હોવાનું જણાવે છે તેથી પણ આરોપીએ સાહેદ અમન વ્હોરાને ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકત માની શકાય નહી.

**(૧૬)** આમ, સદર કામે ઉપરોક્ત આંક–૧૩ નું ગુનાવાળી જગ્યાનું પંચનામાની રૂઈએ ઈજાપામનારના બનાવ સમયે પહેરેલ લોહીવાળા કપડાં કબ્જે લીધેલ હોવાનુ તથા આંક–૧૧ ના પંચનામાથી આરોપીના બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે લીધેલ હોવાનુ જણાઈ આવે છે જે કપડા ઉપર રૂધીરની હાજરી હોય પૃથ્થકરણ માટે મોકલવામાં આવતા ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા તરફ મોકલવામાં આવેલ જ્યાંથી પૃથ્થકરણ થઈ તે અંગેનો અહેવાલ આંક–૩૫ તથા ૩૬ થી રજુ કરવામાં આવેલ જેમાં બનાવ સમયે આરોપીએ પહેરેલ કપડા ઉપરના રૂધિરનું જુથ "બી" તથા ઈજાપામનારે પહેરેલ કપડા ઉપરનું રૂધિરનું જુથ "એબી" હોવાનું અને આ રીતે અલગ અલગ રૂધિર જુથ હોવાનું જણાઈ આવે છે જેથી આરોપીના કપડા ઉપર જે રૂધિરની હાજરી મળી આવેલ તે ઈજાપામનારનું રૂધિર ન હોય, આરોપીના કપડા ઉપર મળી આવેલ લોહીની હાજરી માત્રથી તેઓને સદર ગુના સાથે સાંકળી શકાય નહી. તે જ રીતે આંક–૧૧ ના પંચનામા મુજબ જે ચપ્પુ કબ્જે કરવામાં આવેલ તેના ઉપર રૂધિરની હાજરી મળી આવેલ નથી અને ઈજાપામનાર પોતે તેઓને ચપ્પુ વડે આરોપી દ્ધારા હુમલો કરવામાં આવેલ હોય તે હકીકત જણાવતા નહોય અને તેઓને પડી જતા ઈજા થયેલ હોવાનું જણાવતા હોય, સદર ચપ્પુ આરોપીએ રજુ કરેલ હોવાના કારણે આરોપીને સદરહું ગુના સાથે સાંકળી શકાય નહી.

**(૧૭)** સદર કામે સાહેદ નં.૭ તરીકે પી.એસ.ઓ. જયંતિભાઈ ગોરધનભાઈ નાઓને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે જેઓ ફરીયાદી ફારૂકભાઈ યુસુફભાઈની ફરીયાદ પોલીસ સ્બ ઈન્સપેક્ટર શ્રી ડી.બી.વાળા રૂબરૂની રજીસ્ટર થવા સારૂ આવતા તેઓએ ગુનો દાખલ કરી આગળની તપાસ ડી.બી.વાળાને સોંપેલ હોવાનું નીકળિ આવે છે તે સિવાય બીજી કોઈ હકીકત

નીકળી આવતી નથી. સદર બનાવની ફરીયાદ ફારૂકભાઇ યુસુફભાઈ વ્હોરાનાઓએ આપેલ છે જેઓ મરણ ગયેલ હોવાનું આંક–૧૬ ના મરણના દાખલા થી રેકર્ડ ઉપર જાહેર થયેલ છે જેથી તેઓને આ કામે તપાસી શકાયેલ નથી પરંતુ તેઓ દ્વારા આપવામાં આવેલ ફરીયાદ પોલીસ સબ ઈન્સપેક્ટર દિવાનસિંહ ભગવાનસિંહ વાળા નાઓ રૂબરૂ આપવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે જે પોલીસ સબ ઈન્સપેક્ટરશ્રીને આ કામે સાહેદ નં.૮ તરીકે આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે જેઓએ આ ગુનાની તપાસ પણ કરેલ હોવાનું જણાઈ આવે છે અને તેઓના પુરાવા મુજબ ફરીયાદી ફારૂકભાઈ યુસુફભાઈ વહોરાએ તેઓ રૂબરૂ તેમના દિકરા અમનને આ કામના આરોપીએ ચપ્પુ વડે મારી ગંભીર ઈજા પહોંચાડેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે. આ કામે ઉપર ચર્ચા કરી તે મુજબ ઈજાપામનાર અમન વહોરા તેમના સોગંધ ઉપરના પુરાવામાં આરોપીએ ચપ્પુ વડે માર મારી ઈજા પહોંચાડેલ હોવાનું ઈન્કાર કરેલ છે અને તેઓને પડી જતા ઈજા થયેલ હોવાનું જણાવે છે તથા તેઓને જ્યારે ઈજા થયેલી તે સમયે તેમના માતા–પિતા કે કોઈ સગા સંબંધી નહી હોવાનુ જણાઈ આવતુ હોય, સદર ફરીયાદમાં કરવામાં આવેલા આક્ષેપો ગ્રાહ્ય રાખી શકાય નહી. તે સિવાય ત.ક.અમલદારશ્રી ડી.બી.વાળા દ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ઔપચારીક માત્ર બની રહે છે કારણ કે સદર કામે તપાસવામાં આવેલ ઈજાપામનાર સાહેદ તથા અન્ય સાહેદો ફરીયાદપક્ષના કેસને લેસમાત્ર સમર્થન આપતાં નથી.

(૧૮) આમ ઉપર ચર્ચા કરેલ વિગતે તથા ફરી.પક્ષે રજુ કરેલ તમામ સાહેદોનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નું વિશ્લેશણ કરતાં, સદર કામનાં સાહેદો ફરીયાદ પક્ષનાં કેસને સમર્થન આપતા નથી અને તેઓનો પુરાવો જોતા, આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે આ કામે રજુ રાખેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે આરોપીએ તારીખ ૧૩/૦૮/૨૦૧૯ નારોજ કલાક ૨૩/૪૫ વાગ્યે મોજે મોગર સુભાષભાઈ પટેલના તબેલા ઉપર તમો આરોપીએ પોતાની પત્નિ રમીલા સાથે થયેલ છુટાછેડા ફરીયાદીના દિકરા સાહેદ અમનના કારણે થયેલ હોવાનો શક–વહેમ રાખી તમો આરોપીએ પોતાના હાથમાં ચાકુ લઈ આવી ફરીયાદીના દિકરાને ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જીવલેણ હુમલો કરી સાહેદ અમનને ગળાના ભાગે ચાકુથી ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, આણંદનાઓના જાહેરનામાનો ભંગ કરી ગંભીર ગુનો કરેલ છે. જેથી સદર હકીકતે સદર કામે ઉપસ્થિત થયેલ ઉપરોક્ત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## **// આખરી હુકમ //**

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ આ કામના આરોપી વિષ્ણુભાઇ મનુભાઈ પરમાર, રહે– મોગર, રઘુકુળ સોસાયટી વાડીમાં, તા.જી.આણંદ નાઓને વાસદ પો.સ્ટે.ફ.ગુ.રજી.નં.૫૦/૨૦૧૯ થી નોંધાયેલ ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી ૫ નો અપીલ સમય વીત્યે નાશ કરવો.

**3.** આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયના રૂ.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલીજ જાતમુચરકા આપવા.

ઠરાવ આજ તારીખ **૦૨જી** માહે **મે** સને **૨૦૨૩** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

તા. ૦૨ / ૦૫ / ૨૦૨૩
આણંદ.

**( શકીલએહમદ અબ્દુલકરીમ નકુમ )**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
આણંદ
(જજ કોડ નં.જી.જે.૦૦૬૫૨)